# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-06-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CABINET MEETING

ગાંધીનગરમાં આજે મંત્રીમંડળની બેઠક યોજાઈ ગઈ. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં રાજ્યમાં ભારે વરસાદની સ્થિતિ, સુરત સહિતના શહેરોમાં પડેલા ભારે વરસાદ, અમદાવાદની ભગવાન જગન્નાથજીની રથયાત્રાની તૈયારીઓ, 26મીએ શરૂ થતા શાળા પ્રવેશોત્સવ, રાજ્યમાં આગામી કાર્યક્રમ અને નીતિગત વિષય, અમદાવાદ વિમાન દુર્ઘટના તેમજ ત્યારબાદની રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરવામાં આવી.

. . . . . . . . . . .

# RATHYATRA MEETING

અમદાવાદમાં આગામી 27 જૂને યોજાનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરમાં મહત્વની બેઠક યોજી. અમારા પ્રતિનિધિ જણાવે છે, બેઠકમાં રથયાત્રા માટે કરવામાં આવેલી વ્યવસ્થા અને સલામતી અંગે સમીક્ષા કરવામાં આવી. આ બેઠકમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, ગૃહ સચિવ એમ. કે. દાસ, રાજ્ય પોલીસ વડા અને અમદાવાદના પોલીસ કમિશનર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . .

# STATE RAIN

રાજ્યમાં ગત 24 કલાકમાં 31 જિલ્લાના 170 તાલુકામાં વરસાદ વરસ્યો છે. માત્ર સુરતમાં જ 16 ઈંચથી વધુ વરસાદના અહેવાલ છે. શહેરના વરાછા ઝૉન એ અને બી, ઉના, સરોલી સહિતના વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ ગયા છે. તેને લઈ ગઈકાલથી મહાનગરપાલિકાની ટીમો કામે લાગી ગઈ છે. આ અંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વધુ માહિતી આપી.

(બાઈટઃ હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

સુરતનાં અમારાં પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે, સતત વરસાદના કારણે જિલ્લા કલેક્ટરના આદેશથી સવારની પાળીની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી. ઉપરાંત સુરત સણિયા હેમાદ ગામમાં આખું મંદિર પાણીમાં ગરકાવ થઈ ગયું હતું.

તાપીના અમારા પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે, જિલ્લામાં અવિરત વરસાદને પગલે નદી અને બંધમાં નવા નીર આવ્યા છે. દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમા ઉકાઈ બંધમાં પાણીની આવક વધી છે. વ્યારા શહેરની મોટા ભાગની શાળાઓમાં આજે રજા પણ જાહેર કરવામાં આવી છે. વરસાદ વચ્ચે હાલ ગ્રામીણ વિસ્તારના નવ માર્ગ બંધ સ્થિતિમાં છે.

અરવલ્લીના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે, મોડાસા પંથકમાં ત્રણ જગ્યાએ વીજળી પડવાની ઘટના બની છે. જ્યારે મોડાસા દધાલિયા ગામના મુખ્ય માર્ગ પર પૂરની સ્થિતિ જોવા મળી. તેમજ રસ્તા પર પાર્ક કરેલી બે કાર અને બે મોટરસાઈકલ પણ તણાઈ ગઈ હતી.

**ભરૂચના અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે, ભરૂચ શહેરમાં વરસેલા ત્રણ ઈંચ વરસાદના કારણે જળબંબાકારની પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. ગત 24 કલાકમાં જિલ્લાના નવ તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો.**

. . . . . . . . . . .

# RE EXAMINATION

રાજ્યમાં હાલમાં વરસાદના કારણે કેટલાક વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપવા પહોંચી નથી શક્યા. ત્યારે રાજ્ય સરકારે આગામી સમયમાં આવા વિદ્યાર્થીઓની ફરી પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે. શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ કહ્યું, વરસાદ કારણે કેટલીક જગ્યાએ પાણી ભરાયા અને પરિવહન ખોરવાયું છે. આવા સમયે કેટલાક વિદ્યાર્થીઓ ધોરણ 10 અને 12ની પૂરક પરીક્ષા આપવા પહોંચી શક્યા નથી. હવે આ પૂરક પરીક્ષા પૂર્ણ થયા પછી બાકી રહેલા વિદ્યાર્થીઓ માટે પરીક્ષા આપવા નવી વ્યવસ્થા શિક્ષણ વિભાગ દ્વારા કરાશે.

. . . . . . . . . . .

# MAHISAGAR FARMER

ખેડૂતોને વિવિધ સરકારી યોજનાનો લાભ લેવા ખેડૂત નોંધણી કરાવવી ફરજિયાત છે. ત્યારે મહીસાગર જિલ્લાના 35 ટકા જેટલા

ખેડૂતોની નોંધણી બાકી છે, ત્યારે જિલ્લા ખેતીવાડી અધિકારી જગદીશ પટેલે ખેડૂતોને વહેલામાં વહેલી તકે ખેડૂત નોંધણી કરાવવા અનુરોધ કર્યો છે.

(બાઈટ : જગદીશ પટેલ (જિલ્લા ખેતીવાડી અધિકારી)

. . . . . . . . . . .

# MEHSANA GRAM PANCHAYAT

રાજ્યભરમાં આવતીકાલે ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેની મતગણતરી હાથ ધરાશે. મહેસાણા જિલ્લામાં ખેરાલુની કેશુભાઈ દેસાઈ સંકુલ, સતલાસણાની આર. એમ. પ્રજાપતિ આટર્સ કૉલેજ, વડનગરની સરકારી પૉલિટેક્નિક કૉલેજ, I.T.I. વિસનગર, વિજાપુરની હોસ્ટેલ પિલવાઈ કૉલેજ, પાંચોટની સ્પોર્ટ્સ સંકુલ, ઊંઝાની મ્યુનિસિપલ પ્રાથમિક શાળા નંબર ત્રણ, બહુચરાજીની સરકારી વિનિમય કૉલેજ સહિત કુલ આઠ જગ્યાએ મતગણતરી કરાશે.

ઉલ્લેખનીય છે કે ગત રવિવારે રાજ્યભરમાં ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઇ હતી.

. . . . . . . . . . .